સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સચવાય ના સૂકાન નાવ હાલકડોલક છે,
આવે છે વારાઢારા, કમો-સમયનું લોલક છે.
ક્ષુલ્લક છે મનોવૃત્તિ, બદલાની વેરભાવના -
ચેતજો ! નિષ્પક્ષ અને ન્યાયી વિશ્વનો ચાલક છે.
(તૂટતી ઈમેજનો ઘસારો)

હાઈકુ

રહી - રહીને
વાંચે છે 'ભાગવત'
ભેંસ આગળ!
(હવે ત્રીજીમાં કોટાહી ન વર્તતા)

કાળા પાણીને
ને જૂઠથી ચણેલો
પારદર્શક
(વહીવટી કિલ્લો)

ચિંતન

કૂટેન વ્યવહારં તુ વૃત્તિલોપં ન કસ્યત્તિ ।
ન કુર્યાચ્ચિન્યેકસ્ય મનસાપ્યહિતં કવચિત્

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

કોઈ સાથે કપટ ન ખેલવું, કોઈની આજીવિકા પર પત્થરો ન ફેંકવા, કોઈની અહિતની વાત પણ મનમાં પ્રવેશવા જ ન દેવી.

આજકાલ છળકપટ કરવું એ સામાન્ય વહેવાર થઈ ગયો છે. આ વાત આને કહેજો, આને ન કહેજો, આને અર્ધી જ કહેજો, ઘરમાં પણ હૃદય ખુલ્લાં નથી રહેતાં. સકાળ - છિપાળ માનવ સ્વભાવ થઈ ગયો છે. જર-જમીન-એકના ડબલ, વગેરે રોજિંદા બનાવ છે. માણસ ખુલ્લાં હૃદયથી કોઈની વાત કરતો નથી. પરિણામે બધાને પોતાનાં જેવા જ ગુપ્ત જાસૂસ જોવે છે.

કોઈની સાથે કપટ ન ખેલવું. કોઈ બે પૈસા કમાતું હોય, આપણને ખબર હોય કે આ થોડું વધારે લે છે, પણ એ જ એની આજીવિકા છે. કોઈની રોજગારી, નોકરી પેટ પર પાટું જ મારવું. આપણાથી સેવા ન થાય તો વાંધો નહીં, પણ કોઈનું અહિત થાય એવા તો વિચાર જ ન કરવો.

સુવિચાર

- લાગી થપાટ કાળની ત્યારે જ જાણ થઈ, જીવન-હવેલી રેતના પાયા ઉપર હતી - **દિલહર સંઘવી**
- દવા એ સાચી કે જે શરીરમાં રહેલા રોગને રવાના કરે,
  સાધના એ સાચી કે જે પોતાનામાં રહેલા દોષ ને રવાના કરે - **અમૃતબિંદુ**
- આજનું દુઃખ એટલું અસહ્ય નથી પણ આજના દુઃખમાં આવતીકાલની ચિંતા ભળી છે માટે એ અસહ્ય લાગી રહ્યું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કયારેક અવ્યક્ત આનંદ આંસુઓમાં અને શાંત દુઃખ હાસ્યમાં છુપાયેલું હોય છે - **જન્મભૂમિ**
- તકલીફ બંને છેડે સરખી જ છે - માણસને ઈશ્વર નથી મળતો,
  ને ઈશ્વરને માણસ - **જીવન પાથેય**
- ગૌણ છે મારી નજરમાં અવગુણ પણ મિત્રોના, સુગંધની સોબતમાં હું કંટક વિસરી જાઉં છું - **વજુ કોટક**
- આજનું ઔષધ : પીપળાની છાલને પાણીમાં ઉકાળીને તે પાણી બે ચમચી સવાર-બપોર-સાંજ-રાત પીવાથી ડાયેરિયા કાબૂમાં આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ભારતની પુણ્યપવિત્ર ધરામાંથી સંસ્કારની અક્ષયધારા વહે છે. જેનો સ્પર્શ અમેરિકાના એક વડીલને અનુભવાયો. તે તાજેતરમાં બનેલી સત્ય ઘટના રજુ કરેલ છે. એક ભારતીય સજ્જન અમેરિકામાં સ્થાયી થયા. તેમના પાડોસમાં એક અમેરિકન વડીલ રહેતા હતા. તેઓ એકલા જ હતા. શારીરિક અને માનસિક રીતે ખૂબ ત્રસ્ત હતા. સ્વજનોની હૂંફ અને ઉષ્મા દુર્લભ હતી. ભારતીય સજ્જનને એમની દયા આવી અને તેમની ખબર અંતર પૂછવા એમને ત્યાં ગયા. એમની એકલતા જોઈ તેમણે કહ્યું, 'અમારા ભારતમાં બીમાર પડેલાની ખભર અંતર પૂછવા રોજ પાડોશી - પરિચિત - સગા-સંબંધી-મિત્રોની અવરજવર રહે. છેલ્લી ઘડી હોય ત્યારે કાનમાં ઈશ્વરનું નામ બોલવામાં આવે. ધાર્મિક ગ્રંથનું વાંચન થાય, ભજન-કીર્તિન થાય. તમને વાંધો ન હોય તો હું તમારા ધાર્મિક ગ્રંથ બાઈબલમાંથી તમને ગમતું પ્રકરણ સંભળાવું?' અમેરિકન વડીલ ને તો નવાઈ લાગી. જે માણસ પોતાનો કોઈ સગો-સંબંધી નથી એવો વિદેશી આટલું બધું કરવા તૈયાર છે. એ એમેરિકનના છેલ્લા કલાકો જ બાકી હતા. તેઓ તો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. તેમણે કબુલ્યું કે મેં બે વાર લગ્ન કર્યા. ચાર બાળકો છે છતાં આજે મોતની સામે હું એકલો જ છું. કોઈને મારી પડી નથી. અને તમે પારકાં છો છતાં એક સ્વજનની જેમ ને બાઈબલ સંભળાવવા અને આશ્વાસન આપવા આવ્યા છો. જો ખરેખર પુનર્જન્મ થતો હોય તો તમે ઈશ્વરને કહેજો કે મને આવા પ્રેમાળ ભારત દેશમાં નવો જન્મ આપે.' થોડાક જ કલાકમાં તેઓ મૃત્યુ પામ્યા. ત્યારે એમના મુખ પર એક સંતોષની લાગણીનું તેજ હતું.

ચીનમાં ખોરવાતું જાતીય સંતુલન

તંત્રીસ્થાનેથી...

વિશ્વની સૌથી મોટી વસતિ ધરાવતા અને પ્રાચીન કાળથી હુન્નર ઉદ્યોગ તથા જ્ઞાનવિજ્ઞાનમાં આગલી હરોળમાં રહેલા પાડોશી રાષ્ટ્ર સામે એક નવી જ સમસ્યા વિકરાળ સ્વરુપ ધારણ કરી રહી છે. વધતી વસતિને અંકુશમાં લેવા માટે ચીનની સામ્યવાદી સરકારે એક બાળક વાળી રાષ્ટ્રીય નીતિનો કડકાઈપૂર્વક અમલ કર્યો હતો. પરિણા એ આવ્યું છે કે હવે દેશનાં જાતીય સમીકરણ ખોરવાઈ ગયા છે. ભારતની જેમ જ ચીનમાં પણ પુત્ર સંતાનનો વિશેષ મહિમા છે કારણ કે એ વૃદ્ધાવસ્થાનું આશ્રયસ્થાન બની રહેતું હોય છે. આથી ચીનની આમ જનતામાં ભ્રૂણ હત્યાનું પ્રમાણ વધી ગયું. ગર્ભસ્થ શિશુનું જાતીય પરીક્ષણ કરતાં એ પુત્રી હોય તો ગર્ભપાત કરાવી દેવાનો શિરસ્તો બની ગયો. બલકે ભૂલથી પુત્રી જન્મે તો ખુદ એનો પિતા એને લઈને કોઈ ટ્રેનમાં ચડી જાય અને વચ્ચેના કોઈ સ્ટેશને ચૂપચાપ ઊતરી જાય. એક સંતાન વાળા કાયદાથી ખોરવાતા જાતીય સંતુલનથી સજાગ બનેલી સરકારે એ કાયદામાં કાળક્રમે ઢીલ પણ મૂકી છે પણમ અગાઉના એના કડક અમલીકરણને લીધે અત્યાથી તરુણ પેઢીમાં છોકરાઓની સંખ્યા છોકરીઓની સંખ્યા કરતા વધારે છે. પરિણામે ઘણા બધા છોકરાઓને કુંવારા રહેવાની નોબત આવી છે. વળી મોંઘવારીને કારણે પોતાનું ઘર વસાવવાની ક્ષમતા ન હોવાથી પણ ઘણા બધા છોકરાઓ અપરિણિત રહેવાનું પસંદ કરે છે. ચીનની વસતિનો વૃદ્ધિદર એટલો ઘટી ગયો છે કે આગામી ત્રણ ચાર વર્ષમાં એ વિશ્વનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ નહીં રહી શકે. એ 'સમ્માન' આપણા ભારતને સાંપડશે. ભારતમાં પણ કયારેક 'હમ દો - હમારે દો' વાળી ફેમિલી પ્લાનિંગની ઝુંબેશ ચાલી હતી અને સરકારી આરોગ્ય કેન્દ્રોને નસબંધી કે વંધ્યીકરણ માટેનો લક્ષ્યાંક આપવામાં આવતા હતા. ઠેર ઠેર ફેમિલી પ્લાનિંગના કેમ્પ યોજાતા હતા. કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવનારને સારું વળતર પણ અપાતું હતું. છેલ્લા દાયકાઓમાં આ ઝુંબેશ સાવ જ ઠંડી પડી ગઈ અને વસતિ વધારા માટે તો ધર્મના નામે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેથી બહુમતી કાળક્રમે લઘુમતીમાં ન ફેરવાઈ જાય ! અલબત્ત, સમજુ માતાપિતા તો સંતાનોને એક નૈતિક જવાબદારી પૂર્વક ઉછેરવા માગતાં હોઈ સ્વૈચ્છિક કુટુંબનિયોજન અપનાવી રહ્યાં છે પણ ગરીબ પ્રજામાં વસતિ ફૂદકે ને ભૂસકે વધી રહી છે. અગાઉ એક જ કુટુંબમાં આઠ દસ સંતાનો જન્મતાં એ સામાન્ય ઘટના ગણાતી. એને 'ઈશ્વરની માયા' સમજીને સ્વીકારી લેવાતી. 'ઝાઝા હાથ રળિયામણા' જેવી કહેવતો મુજબ એ બધા હાથ પરિવારને આર્થિક રીતે મજબૂત કરવા કામે લાગી જતા. આ થિયરીને ભદ્ર અને શિક્ષિત પરિવારોએ નકારી જેથી એક કે બે સંતાનો સુધી પરિવારો સીમિત બની રહ્યા. ચીનમાં આર્થિક રીતે સુખી સંપન્ન શહેરી પરિવારો જો ઘરમાં દીકરી જ હોય તો હવે ગામડાનો મુરતિયો શોધે છે, જેથી પોતાની આર્થિક જરૂરિયાતો પૂરી કરવા એ 'ઘરજમાઈ' તરીકે રહેવા તૈયાર થાય અને શહેરી સંપન્ન પરિવારને એની વૃદ્ધાવસ્થામાં પુત્રી જમાઈનો ટેકો મળી રહે. આખરે માનવીને એની જિંદગીના અંતિમ તબક્કાની વિશેષ ચિંતા રહે તે સ્વાભાવિક છે. વૃદ્ધાવસ્થા દરમિયાન પોતાની અસ્કામતો સચવાઈ રહે અને પરિવાર આગળ વધતો રહે એવી અપેક્ષા સ્વાભાવિક પણ છે. ચીનની સામ્યવાદી સરકાર માટે કે જાપાનની લોકશાહી સરકાર માટે વૃદ્ધોની વધતી જતી સંખ્યાનું પ્રમાણ ચિંતા ઉપજાવનારું બની રહ્યું છે. વૃદ્ધો અનુત્પાદક વસતિ બની રહે છે અને એમને સાચવવા એ માથાનો દુખાવો બની જાય છે. સુધરેલી આરોગ્ય સેવાઓને લીધે માનવીનું સરેરાશ આયુષ્ય વધ્યું છે. એટલી જ તંત્રની જવાબદારી પણ વધી છે. આથી ભારત જેવો દેશ કે જયાં ૬૫ ટકા વસતિ ૪૦ વર્ષથી નીચેની ઉંમરની છે તેનું ભવિષ્ય ચીનની સરખામણીએ વધારે ઊજળું અંકાઈ રહ્યું છે. કોરોનાકાળની આવી પ્રચંડ વિભીષિકાનો માર ખમીને પણ ભારત આર્થિક ઉન્નતિની દિશામાં દુનિયાના અન્ય દેશોની સરખામણીએ વધુ સધ્ધર સ્થિતિમાં હોવાનાં તારણો જરૂર આશ્વાસન સમાં છે.

વોટ્સએપ પૉલિસી ગોપનિયતાના અધિકારો ઉપર તરાપ સમાન

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતીયોના ગોપનિયતાના અધિકારો ઉપર તરાપ સમાન વોટ્સએપની નવી નિતિ સામે ભારત સરકારના આઈ.ટી. ડીપાર્ટમેન્ટે નવી નિતિ પરત ખેંચવા માટે એક અઠવાડીયાનું અલ્ટીમેટમ આપેલ છે. ભારત સરકાર અને આઈ.ટી. મંત્રાલયના માનવા પ્રમાણે આ નિતિથી વોટ્સએપ પ્રાઈવસીની નિતિમાં ફેરફારથી યુઝર્સની ગોપનીયતા તેમજ આંકડાના વિવરણની સુરક્ષાને નબળો પાડે છે. જે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૧ની જોગવાઈઓની વિસંગત છે. ભારતીય નાગરિકોના ગોપનીયતાના અધિકારોનું હનન કરે છે. નવી નિતિ પ્રમાણે યુઝર્સના તમામ ચેટ, વાતચીત, નંબરો, કોન્ટેક્ટ તથા બેન્ક એકાઉન્ટ ડીટેઈલ્સ તથા કરેલ વ્યવહારોની રજેરજની માહિતી વોટ્સએપ પાસે હશે જેનો ઉપયોગ તે અન્ય કોઈપણ કંપનીને ડેટા વેચવામાં કરી શકશે જે તમામ ડીટેઈલ ઉપર માત્ર વોટ્સએપનો જ અધિકાર રહેશે.

યુઝર્સ દ્વારા આ કારણે વોટ્સએપની વૈકલ્પીક વ્યવસ્થા પુરી પાડતી સાઈડની ડિમાન્ડ વધી છે. તથા તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે, પરંતુ આ સાઈડ્સ પણ કેટલી ગોપનીય છે તે કોઈ જાણતું નથી. વોટ્સએપ દ્વારા ભારતીય યુઝર્સ ઉપર દબાણ કરી નવી નિતિ નહી સ્વીકારો તો એપ બંધ કરવાની ધમકી આપવામાં આવે છે. વોટ્સએપ પોતાના ફાયદા માટે યુઝર્સની કેટલીક અંગત બાબતોનો ડેટા લીક કરી શકે છે. જેનાથી આર્થીક ચીટીંગ થવાનું જોખમ મોટું છે. હેકર્સ દ્વારા સાઈટ હેક કરી ડેટા લીક કરવાનો ખતરો પણ સમાયેલો છે. તેવા સંજોગોમાં ભારતના ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૧ યુઝર્સની મદદે આવી શકે છે કેમ ? પોતાના લાભ માટે અને અઘોષિત નિયંત્રણો માટે તે લોકોની ગોપનીયતાનો સોદો કરે તે કેવી રીતે ચલાવી શકાય? માહિતી પ્રસારણ અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા આનો સ્પષ્ટ પણે વિરોધ કરવામાં આવ્યો છે. કારણ કે આ દેશની સુરક્ષાનો પણ પ્રશ્ન છે. સૈનિકોની ગૃહમંત્રાલયની કેટલીક ગોપનીય બાબતો દુશ્મન દેશને નહી વેચે તેની શું ખાતરી? આથી પ્રાઈવસી નિતિ, ૨૦૨૧ પરત ખેંચવા ભારત સરકારે વોટ્સએપ તથા ફેશબૂકને દબાણ કર્યુ છે.

ભારતમાં રહી ભારતીય કાયદાઓનું કડકપણે પાલન નહી કરી ભારતના નાગરીકોને તેના અને નિયમો અને શરતોનું પાલન કરવા દબાણ કરવું તે બિનકાયદેસર છે તે ચલાવી શકાય નહી. ભારત સરકારની નોટીસનો જવાબ ફેસબૂક વોટ્સએપ નહી આપે તો ૭ દિવસમાં તેના ઉપર કાયદેસરના પગલા ભારત સરકાર ભરશે. યુરોપ અને ભારતના યુઝર્સ માટે અલગ નિતિ નિયમો બનાવી ભારતીય યુઝર્સને કંપની દાબ દબાણમાં મુકી રહે છે. ભારતીય યુઝર્સની ગોપનીયતાનો પોતે મનફાવે તેવો ઉપયોગ કરે તે હરગીઝ ચલાવી ના લેવાય.

હાલમાં સોશીયલ મિડિયાનો વ્યાપ ભારતમાં ખૂબ જ વધતો ગયો છે. કોઈપણ વાત સેકન્ડમાં લીક થઈ જાય છે. લોકોની ગોપનીયતાના અધિકાર ઉપર તરાપ સમાન છે. કોઈ વસ્તુની એપ નથી. ટીનએજર બાળકો માટે કોઈ કાયદો કે પોલીસીનો અમલ કરાવવામાં આવતો નથી. કોઈપણ ઉંમરની વ્યક્તિ ગેમ તે જોઈ શકે છે. જેનાથી ક્રાઈમમાં વધારો થતો જાય છે. બ્લોકિંગ ઓફ વેબસાઈડ કરવાની સત્તા મિનિસ્ટ્રી ઓફ કોમ્યુનીકેશનને છે. જે તેનો ઉપયોગ કરી સાઈટ બ્લોક કરી શકે છે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૧માં ૨૦૧૧માં સુધારો કરી ગોપનીયતાના અધિકારો બરકરાર રાખવામાં આવ્યા છે. કોઈપણ કંપની કોઈપણ વ્યક્તિની જાતીય, પર્સનલ માહિતી અન્ય્ કોઈપણ વ્યક્તિ, સંસ્થા, મંડળી કે બેન્ક કે અન્ય દેશને વેચી શકે નહી કે યુઝર્સની પરવાનગી મંજૂરી વગર તેનો પર્સનલ ડેટા લીક કરી શકે નહી. આગામી સમયમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટમાં ભારે સુધારો આવશે તે નક્કી છે.

મો. 98254 50191,
info@trivediassociates.in

પરિવર્તન થયું બસ એટલું 'બેફામ' જીવનમાં, જનમદિન આવતા'તા ત્યાં મરણની સાલ આવી ગઈ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

મારી પાસે મારો પોતાનો એક સૂરજ છે,
સંતાડેલો. અંદર જયારે સાવ અંધારું થઇ જાય,
કશું જ ન બચે
ત્યારે એને પેટાવું છું.
એ ઊગે છે,
પગથી માથા સુધી

- લતા હિરાણી

દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું જ અસ્તિત્વ અને અલગ ઓળખાણ! આ વિરાટ વિશ્વમાં કેટ-કેટલો માનવસમૂહ અને તેમ છતાં બધાં જ એકબીજાથી અલગ ! પણ દરેકની અંદર રહેલું તેજ, તેની અંદર સંતાડેલો આ સૂરજ બધા માટે એકસમાન ! સ્વરુપ અલગ હોઈ શકે પણ મૂળ તો આ આત્મબળરુપી ચિનગારી સર્વેમાં ઉપસ્થિત જ હોય છે ! એક નાનકડા બાળકનું જયારે ઘરમાં આગમન થાય ત્યારે ચારેતરફ આનંદ-ઉલલાસ અને હર્ષનો માહોલ હોય છે ! તેના જન્મનો આનંદ તેની આસપાસ રહેલી વ્યક્તિને તેનાથી વિશેષ હોય છે. પણ સમજણ આવતાં અને ઉંમર વધતાં વ્યક્તિ માટે જીવનભર પોતાનો જન્મદિવસ હરહંમેશ કંઈક ખાસ અને વિશેષ આકર્ષણરૂપ હોય છે. આપણે દરેક બાબતોમાં આધુનિક બન્યા અને અનેક પ્રકારના દિવસોની ઉજવણીનો ઉમેર્યો કર્યો પણ આ સૌમાં જન્મદિનની ઊજવણીનો ચાર્મ તો કંઈક અલગ જ રહ્યો છે ! વ્યક્તિ પોતે જ એના માટે રોમાંચિત અને ખુશખુશાલ હોય છે. નાના બાળકો માટે ''બર્થડે પાર્ટી'' એટલે કેક, ગેમ્સ, ગિટ્સ અને બલૂન્સ. આ બધાનો રોમાંચ એટલો આફ્લાદક હોય છે કે દરેક બાળક આતુરતાપૂર્વક પોતાના જન્મદિવસની રાહ જોતો હોય છે. આખુંયે વર્ષ તે આ એક દિવસની ઉજવણીને સ્પેશિયલ બનાવવાના કેટલાય અવનવા આયોજનો વિષે વિચાર્યા કરે છે. સવારથી લઈને સાંજ સુધી તે એક અજબ પ્રકારના આનંદમાં રાચતો હોય છે. કોઈ પણ બાળક સ્વભાવથી જ પઝેસીવ હોય છે અને તેને હંમેશા આકર્ષણનું કેન્દ્ર બનવું ગમતું હોય છે. અને તેના માટે આ દિવસથી વિશેષ મોકો બીજે કયાં હોઈ શકે ? બાળપણના આ સુહાના દિવસોમાં કયાં મોટા મહેલ બાંધવાના અરમાન હોય કે મોટો ઓફિસર થવાના સ્વપ્નો! એમાં તો નાની-નાની બાબતોનું સુખ અને એવી જ નજીવી બાબતોનું દુઃખ ! વિચારોનું તો રીતસર વાવાઝોડું ચાલે મનમાં..

''અમે વિફલતાના વણઝારા
અમે ખોટ ના કશી ગણનારા.
વાટમાં આવે રેત, તો એને ગૂંજે ઘાલી દઇએ,
વન આખાની લીલપ અમે રણમાં વેરી દઇએ.
અમે રણરેતીના ફરનાર
અમે વિફલતાના વણઝારા.''

- લાલજી કાનપરિયા

જન્મદિવસનો રોમાંચ યુવાવસ્થામાં તો વિશેષ પાંગરે અને વધુ નીખરે ! સરપ્રાઈઝ પાર્ટીઝ, થીમ બેઈઝ પાર્ટીઝ અને એવા કંઈ કેટલાય અવનવા બર્થ ડે સેલીબ્રેશન! યુવાવસ્થામાં તો આમ પણ પગ જમીન પર ન હોય અને મન તો પતંગિયાની જેમ ઉડાઉડ કરતું હોય! બર્થડેને ઉજવવા અને મન ભરીને માણવાના પ્લાનિંગ બર્થડેના કેટલાય દિવસોની પૂર્વે જ શરુ થઈ જયા હોય છે. યુવાવસ્થામાં ફ્રેસનું એક અલગ સ્થાન હોય છે. દુનિયામાં દોસ્તી જ બધું છે એવો અહેસાસ હોય છે. કવિશ્રી રવિન્દ્રનાથ ઠાકુરની આ રચના યુવાવસ્થાના આ રોમાંચને સુપેરે વર્ણવે છે :

''તારું ના, મા ! બાળક હોઉં,
હોવું મારે પંખી;
ઊડી જાવું ક્યાંક કદાપિ
મનમાં એવું ઝંખી -
સાચેસાચું કહી દે છે,
કંઇ રાખીસ ના સંતાડી;
'પીટ્યુ પંખીડું કરી અમને
પૂરત પાંજરે, માડી?
જા મા, ત્યારે જા જા ની તું!
ઉતાર અમને ખોળેથી તું!
લાડ અમોને ના કરતી તું!
તારે ખોળે જા નહીં રમીએ!
તારે હાથે જા નહીં જમીએ !
વનવગડામાં ભાગી જઇશું !'

અત્યારે જો કે, વનવગડાને બદલે ઘણાં બધાં વિકલ્પો ઉપલબ્ધ છે: મોલ, થિયેટર કે ફાર્મહાઉઝ!પણ જન્મદિવસની આ ઉજવણીમાં કેટલાક નવતર પ્રયોગોનો ઉમેરો ચોક્કસપણે કરવો જ રહ્યો ! લીમડાનો રોપા વાવીએ, વૃદ્ધાશ્રમમાં જઈને આઈસ્ક્રીમ પાર્ટી કરીએ, કોઇક સારા પુસ્તક કે સારા વિચારને આત્મસાત્ કરીએ, ગરીબ અને જરૂરિયાતમંદને મદદરુપ થાય એવી કોઈ વસ્તુની ભેટ આપીએ, મંદબુદ્ધિ કે વિકલાંગ બાળકોની સંસ્થામાં જઈને તેમની સાથે એકાદ કલાક ગાળીએ તો આપણે જીવનમાં શું મેળવ્યું છે તેનો અહેસાસ પામી શકીએ! જન્મ એટલે અવતરણ અને આ અવતરણના દિવસે આપણામાં એકાદ નવતર સગુણ કે સદ્વિચારનું બીજ રોપીએ તો જ ખરા અર્થમાં જન્મદિનને એક વધુ ખાસ અને યાદગાર દિવસ બનાવી શકીએ!

યુવાવસ્થા બાદ જયારે જીવનની દોડાદોડીમાં વ્યસ્ત બની જઈએ ત્યારે આ જન્મદિનની ઉજવણીનો ખાસ રોમાંચ કે ઉત્સાહ રહેતો નથી! તે કેલેન્ડરમાં રહેલી માત્ર એક તારીખ બનીને પસાર થઈ જાય છે. કદાચ બાહ્ય રીતે તેની ઉજવણી કરી લઈએ તો પણ મનમાં પહેલાનો રોમાંચ કે ઉત્સાહ અનુભવાતો નથી. તેમાં દુઃખ કે વિષાદ કારણરૂપ હોય છે તેમ નથી પરંતુ, જવાબદારીઓના બોજા હેઠળ ઈચ્છાઓ થોડા સમય માટે સુષુપ્ત બની જતી હોય છે ! અને ત્યારબાદ જીવનના અંતિમ પડાવમાં પ્રવેશવાની અવસ્થા ! આ અવસ્થામાં આપણને લાગે છે કે જન્મદિવસ આવવો એટલે જીવનના વધુ એક વર્ષની બાદબાકી! ઈશ્વરની સમીપ જવાની સફર તરફની આગેકૂચ એટલે જન્મદિવસ! એ સમયે જીવનને આપણે તેના મૂળ સ્વરુપે જાણી શકીએ છીએ અને આપણા અસ્તિત્વને પણ!

કવિશ્રી દલપત પઢિયાર નિખાલસ એકરાર કરતાં લખે છે કે, ''અમે અમારી ઓળખ વિશે આજ લગી બસ, હાંક્ય રાખ્યું ! અંદર કશું મળે નહીં ઉપર ચાદર જેવું ઢાંક્ય રાખ્યું !''

આ સૃષ્ટિ પર અનેક જીવોના આગમન અને વિસર્જનની પ્રક્રિયા પ્રકૃતિના નિયમ અનુસાર નિત્યનિરંતર અવિરતપણે ચાલ્યા જ કરે છે. ઉમરના વિવિધ તબક્કે આપણે સૌ વિવિધ રીતે જન્મદિવસને પોતપોતાની આગવી રીતે ઉજવીએ એ જ શુભકામનાઓ !

Last Seen :

અમારે તો જીવન સંગ્રામમાં ઘા ઝીલવાના છે,
અમારા હાથમાં તલવાર બદલે ઢાલ આવી ગઈ.
પરિવર્તન થયું બસ એટલું બેફામ જીવનમાં,
જનમદિન આવતા'તા ત્યાં મરણની સાલ આવી ગઈ.

- બરકત વીરાણી 'બેફામ'

- nehalgadhavi101@gmail.com

ઉર્જાવાન, ઉત્સાહી, ધબકતા છગન ભૈયા : સ્વબળે ગ્રંથપાલ બન્યા હતા

નવી સવાર
રમેશ તન્ના

(ગતાંકથી આગળ...)

છગનભાઈ ભૈયાએ અરજી કરી અને તેમને ફરાસ તરીકે નોકરી મળી ગઈ. તેમને કચરા-પોતાં કરવાનાં હતાં.

છગનભાઈ પહેલેથી જ ખૂબ પરિશ્રમી અને ઉત્સાહી. પોતાનું દરેક કાર્ય નિષ્ઠાથી કરે. પોતાનાં કાર્ય કરવા ઉપરાંત તેઓ દરેક કામ દોડીને કરે. એક વખત સહાયક ગ્રંથપાલ સરવાળા મારતા હતા, તો

છગનભાઈએ તેમને ઝડપથી સરવાળા મારી આપ્યા. (તેમનું ગણિત પણ ખૂબ સારું હતું.) સહાયક ગ્રંથપાલ પટેલ સાહેબે ત્યારના ગ્રંથપાલ મોહનદાસને વાત કરી. એ પછી તો છગનભાઈને પુસ્તકો ગોઠવવાનું કામ પણ મળ્યું. છગનભાઈએ તો પોતાના ફાળવેલા દરેક ઘોડા (રેક્સ) સુંદર રીતે સાફ કરીને પુસ્તકો ગોઠવવા માંડ્યાં. પુસ્તકો સાથે તેમણે મૈત્રી કરવા માંડી. તેમની નિષ્ઠા, પરિશ્રમ, સર્જનાત્મકતા વગેરેની સુગંધ ગ્રંથપાલ વાટે અમદાવાદ શહેરના મેયર સુધી પણ પહોંચી ગઈ. એ વખતે છગનભાઈ સવારે નોકરી કરતા બપોરે ભણતા. નોકરી કરતાં કરતાં તેઓ ભણ્યા. ૧૯૬૦-૬૧માં તેમણે લાયબ્રેરી સાયન્સનો (સર્ટીફિકેટ) કોર્સ કર્યો. એ પછી તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ. કર્યું. એ પછી તેમણે ધારવાડ (કર્ણાટક)માંથી લાયબ્રેરી સાયન્સમાં ગોલ્ડ મેડલ સાથે એમ.એ. કર્યું. અહીં નોંધવું જોઈએ કે તેમના ભણવાના પૈસા પટેલ સાહેબે આપ્યા હતા. છગનભાઈનો સંઘર્ષ ચાલતો હતો ત્યાં શરીરે બળવો કર્યો. તેમની પીઠમાં પાણી ભરાયું અને પછી ટી.બી. થઈ ગયો. રિએક્શન આવ્યું તો સાથળમાં ગાંઠ થઈ ગઈ. આ જ અરસામાં ગ્રંથપાલ તેમના ઘરે આવ્યા, ક્લાર્ક બનાવવાનું કહેણ લઈને. પોતાની પ્રતિભા, સજ્જતા, લાયકાત અને કઠોર પરિશ્રમથી છગનભાઈ ક્લાર્ક બન્યા. પગારઃ દર મહિને ૧૦૦ રુપિયા.

●●●

છગનભાઈ ૧૯૭૨માં મા.જે.પુસ્તકાલયમાં સહાયક ગ્રંથપાલ બન્યા. ૧૯૭૭માં તેઓ ગ્રંથપાલ બન્યા. તેમને ગ્રંથપાલ બનાવવામાં અમદાવાદ શહેરના ત્યારના મેયર વાડીલાલ કામદાર અને એ વખતના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન રફરૂદીન શેખનું મોટું પ્રદાન હતું. ૧૯૯૫માં આપેલી એક મુલાકાતમાં છગનભાઈએ કહ્યું હતું કે વાડીલાલ કામદારે અંગત રસ લઈને એવો ઠરાવ કરાવ્યો હતો કે હું કાયમી ગ્રંથપાલ તરીકે ફરજ બજાવી શકું. મને કોઈ હેરાન ના કરી શકે. મા.જે. પુસ્તકાલયના ગ્રંથપાલ થયા પછી તેમણે પુસ્તકાલયને નવી ઓળખ આપી. પુસ્તકાલયને ધમધમતું અને ધબકતું કરી નાખ્યું. તેઓ નિયમિત અનેક પ્રવૃતિઓ કરવા લાગ્યા. અહીં પુસ્તકોનાં લોકાર્પણ થવા લાગ્યાં. સાહિત્ય વર્તુળ, કાવ્ય ધારા, બાળ સાહિત્ય અકાદમી, પુસ્તક દિવસની ઉજવણી.. એમ નિયમિત પ્રવૃતિઓ થવા લાગી. (વચ્ચે થોડો સમય છગનભાઈ વી.એસ. હોસ્પિટલના પુસ્તકાલયમાં પણ આંટો મારી આવ્યા હતા.) થોડો સમય તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાં ફરજ બજાવી હતી. જે ગ્રંથાલયમાં છગનભાઈ ભૈયાએ કચરા પોતાં કર્યાં હતાં ત્યાં જ તેઓ ગ્રંથપાલ બન્યા. જેમના હાથ નીચે કામ કરતા હતા તેમના જ સાથમાં, અલબત્ત, ઉપરી તરીકે કાર્ય કરવા લાગ્યા.

●●●

છગનભાઈ ઉત્તમ લેખક પણ હતા. તેમણે ૫૦થી વધુ પુસ્તકો લખ્યાં. લાયબ્રેરી સાયન્સના અભ્યાસક્રમમાં તેમનાં પુસ્તકો ભણાવાતાં હતાં. તેમના હાથ નીચે અને હૃદય સાથે અનેક વિદ્યાર્થીઓ તૈયાર થયા. ગુજરાત યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલ ડૉ. રાકેશભાઈ પરમાર (૯૯૨૪૪ ૭૭૮૪૦) તેમને યાદ કરતાં કહે છે કે તેમણે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વ્યવસાયમાં વિશેષ પ્રદાન કર્યું હતું. ગુજરાતી ભાષા પર તેમની પકડ કેટલી જોરદાર હતી કે, કાના-માત્રાની ભૂલ પણ તરત જ પકડી પાડે. આ બાબતમાં સાહેબને હું ફાધર વાલેસ સાથે સરખાવું છું. સાહેબ પોતે ઉત્તર પ્રદેશના હતા છતાં, સવાયા ગુજરાતી સાબિત થઈ તેમણે શ્રેષ્ઠ વાચન-સામગ્રી પૂરી પાડી હતી. ગુજરાતમાં માસ્ટર ડિગ્રીમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન શરૂ કરાવનાર બહુ થોડા લોકોમાં ભૈયા સાહેબ પણ હતા. તેમને ઘણા એવાર્ડ મળ્યા હતા. ૨૦૧૮માં બાળ સાહિત્ય અકાદમીએ તેમને પોંખ્યા હતા.

●●●

છગનભાઈનાં જીવનસાથીનું નામ લીલાવતીબહેન. તેમને ચાર દીકરા અને એક દીકરી. પિયુષભાઈ પરદેશી, રાજુભાઈ રાજપૂત, હિમાંશુભાઈ પરદેશી અને આનંદ પરદેશી આ ચાર દીકરા અને સીમા પરદેશી દીકરી. છગનભાઈએ તમામ સંતાનોને સરસ રીતે ઉછેરીને સ્થાયી કર્યાં હતાં. તેઓ, લીલાવતીબહેન અને સીમાબહેન એક ઘરમાં સાથે રહેતાં હતાં. જોકે સંતાનો